સ્વાધ્યાય

સા.વિ., ધોરણ 6 એકમ 8
શર્મા હિરેન કુમાર
પ્રા શાળા વાવડી,ખેડા
9574566503



1. નીચેની ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી વાક્ય પૂર્ણ કરો :

(1) નિદર્શન કલામાં ..... અને ..... નો સમાવેશ થાય છે.

(2) દક્ષિણ ભારતનું વિશિષ્ટ સાહિત્ય ..... છે.

(3) ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં ..... ગ્રીક એલચી હતો.

(4) મધ્યપ્રદેશમાં ..... સ્થળેથી પાષાણયુગનાં ચિત્રો મળી આવેલ છે.

(5) ઈ.સ. પૂર્વે પાંચમી સદીના સિક્કાને ..... તરીકે ઓળખવામાં આવે છે.

2. ટૂંકમાં ઉત્તર આપો :

(1) વૈદિક સાહિત્ય વિશે ટૂંકમાં જણાવો.

(2) પ્રાચીન ભારતમાં કયા-કયા વિદેશી મુસાફરો/પ્રવાસીઓ આવ્યા હતા ?

(3) સ્તૂપ અને ચૈત્યનો અર્થ જણાવો.

(4) તક્ષશિલામાં કયા-કયા વિષયોનું શિક્ષણ આપવામાં આવતું હતું?

(5) ગુપ્તવંશના કયા-કયા રાજવીઓના સિક્કાઓ મળી આવ્યા છે ?

3. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

(1) ઉપનિષદોમાં માંડુક્ય, મત્સ્ય અને મુંડક ઉપનિષદોનો સમાવેશ થાય છે.

(2) ગ્રીક નાવિક ટોલેમીએ લખેલા 'ઈન્ડિકા' નામના ગ્રંથમાંથી ભારતનાં બંદરો વિશેની માહિતી મળે છે.

(3) ઈલોરાની ગુફામાં મળી આવેલા બુદ્ધની જાતકકથાઓનાં ચિત્રો જગવિખ્યાત છે.

(4) ગાંધારશૈલીમાં ગ્રીક અને ભારતીય મૂર્તિકલાનો સંગમ જોવા મળતો હતો.

(5) પ્રાચીન ભારતમાં ગાંધાર પ્રદેશમાં આવેલ નાલંદા વિદ્યાપીઠ જગવિખ્યાત હતી.

LIVEWORKSHEETS